**Series RHB**

**Code No. 9**

Candidates must write the Code on the title page of the answer-book.

Roll No. | | | | | | | |

- Please check that this question paper contains **8** printed pages.
- Code number given on the right hand side of the question paper should be written on the title page of the answer-book by the candidate.
- Please check that this question paper contains **7** questions.
- **Please write down the Serial Number of the question before attempting it.**
- 15 minutes time has been allotted to read this question paper. The question paper will be distributed at 10.15 a.m. From 10.15 a.m. to 10.30 a.m., the students will read the question paper only and will not write any answer on the answer script during this period.

## SUMMATIVE ASSESSMENT - II

## સંકલિત પરીક્ષા - II

# GUJARATI

# ગુજરાતી

*Time allowed : 3 hours* | *Maximum Marks : 80*

*સમય સીમા : 3 કલાક* | *કુલ અંક : 80*

1. (અ) નીચેનો ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબનો વિકલ્પ શોધી સાચો જવાબ લખો :

આપણા એક પ્રધાને હમણાં એક સંગીતકાર અંગેના સમારંભમાં કહ્યું કે પોતાના સ્વભાવમાં જે રીતની કર્કશતા છે તે જો પોતાને નાનપણમાં સંગીતની કેળવણી મળી હોત તો કદાચ ન રહેવા પામત. કોઈ મહાજને કહ્યું છે કે સંગીતની જેની ઉપર અસર થતી નથી તેનો કદી ભરોસો કરવો નહી. માણસના અંતસ્તત્વને સ્પર્શવાની સંગીતમાં કોઈ અમોઘ શક્તિ છે. બહારથી બરછટ અને પડછંદ લાગતા ટૉલ્સ્ટૉયની સંગીતના જલસાઓમાં જોવા જેવી દશા થતી. સંગીતના સૂર છેડાતાં જ તેમની હિમધવલ દાઢી ઉપર થઈને અશ્રુઓ ટપકવા માંડતાં — ઉમાશંકર જોશી.

*પ્રશ્નો :*

(૧) પ્રધાનશ્રીએ કબૂલ્યું કે પોતાને નાનપણમાં સંગીતની કેળવણી મળી હોત તો :
(અ) પોતે નિર્મળ હૃદયના બન્યા હોત.
(બ) પોતે કઠોર હૃદયના બની ગયા હોત.
(ક) પોતાના સ્વભાવની કર્કશતા દૂર થઇ હોત.

(૨) સંગીતની જેના પર અસર થતી નથી :
(અ) તેનો ક્યારેક ભરોસો રાખી શકાય.
(બ) તેનો કદી ભરોસો ન કરાય.
(ક) તે કયારેક ભરોસો તોડી શકે.

(૩) સંગીતમાં શેની અમોઘ શક્તિ રહેલી છે ?
(અ) માણસના મનને શાંતિ આપવાની.
(બ) માણસના મનને બેચેન કરી મૂકવાની.
(ક) માણસના અંતસ્તત્વને સ્પર્શવાની.

(૪) મહાન લેખક ટૉલ્સ્ટૉય કેવા લાગતા હતા ?
  (અ) નીચા અને નાજુક.
  (બ) ઊંચા અને પાતળા.
  (ક) બરછટ અને પડછંદ.

(પ) સંગીતશ્રવણની ટૉલ્સ્ટૉય પર કેવી અકર થતી ?
  (અ) તેઓ ઊભા થઈને નાચવા લાગતા.
  (બ) તેઓ બેઠા બેઠા ડોલી ઊઠતા.
  (ક) એમની હિમધવલ દાઢી પર થઈને આંસુ ટપકવા લાગતાં.

(બ) નીચેનો ગદ્યખંડ વાંચીને તેનો ત્રીજા ભાગ (૧/૩) જેટલો સંક્ષેપ કરો. *4*

જગતમાં જુદી જુદી જાતનાં ઝેર હોય છે. જેવાં કે, સાપનું ઝેર, બીંછીનું ઝેર કે રાસાયણિક દવાઓનું ઝેર. પરંતુ એ બધાં સ્થૂળ ઝેર છે. જયારે ઈર્ષ્યા, દ્વેષ, વેર વગેરેને સૂક્ષ્મ ઝેર ગણી શકાય. આ સર્વ ઝેરોમાં વેરના જેવું કાતિલ ઝેર બીજું એકેય નથી. સાપનું ઝેર મંત્રોચ્ચારથી કે તત્કાળ યોગ્ય ઉપચારથી ઊતરી જવાના દાખલા જોવા મળે છે. ટિક-૨૦નું ઝેર કે ખોરાકી ઝેર હોજરીમાં ગયું હોય તો તેને તાત્કાલિક સારવારથી બહાર કાઢીને જીવ બચાવી શકાય. પરંતુ વેરરૂપી ઝેરનો કશો ઉપચાર કે પ્રતિકાર થઈ શકતો નથી. વેર લેવાની ઝેરી વૃત્તિનો ભોગ બનેલો માણસ તેમાંથી મુક્ત થઈ શકતો નથી. વેરમાં ભાન ભૂલેલા માણસને ઉપદેશ, ડહાપણ કે હિતની વાતો ગળે ઊતરતી નથી. એવો માણસ વેર વાળવા ઘાતકી કે અધમ ઉપાયો અજમાવતાં પણ અચકાતો નથી. વેર વાળવાના આવેશમાં ઘણી વાર માનવી માનવતા ગુમાવી બેસે છે. માટે સાવધાન બનો, વેરના ઝેરને તમારા મનમાં પ્રવેશતા પહેલાં જ રોકી લો.

2. (અ) નીચેનામાંથી કોઈ પણ ***એક*** વિષય પર આશરે ૨૦૦ શબ્દોમાં નિબંધ લખો :

(૧) મારું પ્રિય પુસ્તક.

(૨) રમત-ગમતનું કેળવણીમાં મહત્ત્વ.

(૩) નારી તું નારાયણી.

(૪) મોંઘવારીનો રાક્ષસ ભૂખ્યો થાય ત્યારે...

(બ) 'વાંચે ગુજરાત' અભિયાનમાં તમે વાંચેલ પુસ્તક વિશે તમારા મિત્રને પત્ર લખો.

**અથવા**

તમને ગમતાં પુસ્તકો વી.પી.પી.થી. મૉકલી આપવા પુસ્તકવિક્રેતાને ઑર્ડર લખો.

(ક) નીચે આપેલ રૂપરેખા પરથી આશરે ૧૫૦ શબ્દોમાં વાર્તા લખો :

એક તવંગર છતાં કંજૂસ માણસ – ચોખાની થેલી લઈ ઘર તરફ આવવું – રસ્તામાં એક ભિક્ષુકની ચોખા માટે યાચના – ચોખાનો એક જ દાણો આપવો – ઘરે આવીને જોતાં થેલીમાંથી એક સોનામહોર મળવી – કંજૂસનો પસ્તાવો – ભિક્ષુકના વેશમાં આવેલ દેવદૂતની શોધ – નિષ્ફળતા – બોધ.

3. (અ) નીચેના રૂઢિપ્રયોગોના અર્થ આપી તેનો વાક્યમાં પ્રયોગ કરો.

(૧) મનમાં પ્રકાશ પથરાવો.

(૨) ઘણી ગોળીનાં પાણી પીવાં

(૩) ઓછું આવવું.

(બ) નીચેનાં વાક્યો સુધારીને લખો. *3*

(૧) મારો ઘડિયાળ બંધ પડયો છે.

(૨) દીવાળીમાં ફટાકડા ખાવાની અને મિઠાઇ ફોડવાની મઝા પડે છે.

(૩) ઋતુઓની મહારાજા તો વસંત જ.

(ક) નીચેની કહેવતોનો અર્થ લખો. *3*

(૧) ધોબીનો કૂતરો નહીં ઘરનો કે નહીં ઘાટનો.

(૨) દુકાળમાં અધિક માસ.

(૩) બાવાના બેય બગડવા.

(ડ) કૌંસમાં માગ્યા મુજબ વાક્ય-રૂપાંતર કરો. *6*

(૧) મેં તારી સાથે અબોલાં લીધાં છે.
(નિષેધ વાક્ય બનાવો)

(૨) આ ઘોંઘાટમાં કોઈ સૂઈ શકે નહીં.
(પ્રશ્નવાક્ય બનાવો)

(૩) એણે ઘણાં પાપકર્મો કર્યાં હશે.
(ઉદ્‌ગાર વાક્ય બનાવો)

(૪) પરીક્ષામાં હું પાસ નહીં થાઉ. (વિધિવાક્ય બનાવો)

(૫) આ પેપર કેટલું અઘરું છે ! (વિધાનવાક્ય બનાવો)

(૬) સત્ય એ જ પરમેશ્વર છે. (નિષેધવાક્ય બનાવો)

## વિભાગ-૨

4. (અ) કારણ આપો. (કોઈ પણ ***બે***) *4*

(૧) "ખાદી એ પહેરવાની વસ્તુ છે, પહેરાવવાની નથી."

(૨) રમણે પરાનું મકાન બદલવું પડયું...

(૩) 'પંચપટરાણી'ના લેખકે રવિવારે આરામ ન કરવાનું નક્કી કર્યું...

(૪) દેશગમન કરવું ગાંધીજીને જરૂરી લાગ્યું...

(બ) ફક્ત એક જ વાક્યમાં જવાબ લખો. (ગમે તે **ચાર**) 4

(૧) ગાંધીજીને દેશગમનનો આગ્રહ કોણે કર્યો ?

(૨) રમણને શેનો શોખ હતો ?

(૩) 'હાથીના દંતશૂળ નીકળ્યા તે નીકળ્યા, પાછા ન જાય' — ઉપરોક્ત વાક્ય કોણ બોલે છે ?

(૪) 'પેન્સિલ છોલતા મહેતાજી'નો સાહિત્ય પ્રકાર કયો છે ?

(૫) પંચપટરાણીની સેવામાં લેખકે સૌથી પહેલું કામ શું કર્યું ?

(૬) દક્ષાએ ત્રીજા માળની ઓરડી શા માટે પસંદ કરી ?

**5.** (અ) ટૂંકા જવાબ લખો (કોઈ પણ **બે**) 4

(૧) ભેટના સ્વીકાર અંગે કસ્તૂરબાના વલણનાં કયાં કારણો હતાં ?

(૨) રમણનું પરાનું મકાન કેવું હતું ?

(૩) 'દક્ષિણામૂર્તિ' લેખક માટે વિશ્વવિદ્યાલય જેવું કેમ બની ગયું ?

(બ) નીચેનામાંથી કોઈ પણ **બે** ના સવિસ્તર જવાબ લખો. 8

(૧) કસ્તૂરબાનું પાત્રાલેખન કરો.

(૨) 'આભલાનો ટુકડો' વાર્તાના શીર્ષકની યથાર્થતા સમજાવો.

(૩) નાનાભાઈના કોમળ અને કઠોર વ્યક્તિત્વને વ્યક્ત કરતાં પાસાંની સદૃષ્ટાંત ચર્ચા કરો.

(બ) ફક્ત એક જ વાક્યમાં જવાબ લખો. (ગમે તે ***ચાર***) 4

(૧) ગાંધીજીને દેશગમનનો આગ્રહ કોણે કર્યો ?

(૨) રમણને શેનો શોખ હતો ?

(૩) 'હાથીના દંતશૂળ નીકળ્યા તે નીકળ્યા, પાછા ન જાય' — ઉપરોક્ત વાક્ય કોણ બોલે છે ?

(૪) 'પેન્સિલ છોલતા મહેતાજી'નો સાહિત્ય પ્રકાર કયો છે ?

(૫) પંચપટરાણીની સેવામાં લેખકે સૌથી પહેલું કામ શું કર્યું ?

(૬) દક્ષાએ ત્રીજા માળની ઓરડી શા માટે પસંદ કરી ?

**5.** (અ) ટૂંકા જવાબ લખો (કોઈ પણ ***બે***) 4

(૧) ભેટના સ્વીકાર અંગે કસ્તૂરબાના વલણનાં કયાં કારણો હતાં ?

(૨) રમણનું પરાનું મકાન કેવું હતું ?

(૩) 'દક્ષિણામૂર્તિ' લેખક માટે વિશ્વવિદ્યાલય જેવું કેમ બની ગયું ?

(બ) નીચેનામાંથી કોઈ પણ ***બે*** ના સવિસ્તર જવાબ લખો. 8

(૧) કસ્તૂરબાનું પાત્રાલેખન કરો.

(૨) 'આભલાનો ટુકડો' વાર્તાના શીર્ષકની યથાર્થતા સમજાવો.

(૩) નાનાભાઈના કોમળ અને કઠોર વ્યક્તિત્વને વ્યક્ત કરતાં પાસાંની સદૃષ્ટાંત ચર્ચા કરો.

6. (અ) નીચે આપેલ કાવ્યપંક્તિઓ વાંચી તેની નીચે આપેલ બધા જ પ્રશ્નોના ઉત્તર લખો. (કુલ ૪ પ્રશ્નો છે) 4

*કાવ્યપંક્તિ ૧ :*

આવ્યો છું તો લાવ જરા અહીં મળતો જાઉં,
આ મેળે જન લાખ, ભલા કૈં ભળતો જાઉં.

(૧) કવિ કયાં આવવાની અને કોને મળવાની વાત કરે છે ?

(૨) કવિ કયા મેળાની અને કયા 'લાખ જન' નો નિર્દેશ કરે છે ?

*કાવ્યપંક્તિ ૨ :*

કોઈ ન માગે દાણ, કોઈની આણ ન વાટે ફરતી,
હવે કોઇ લજ્જાથી હસતાં, રાવ કદી કયાં કરતી ?

(૧) કવિ 'દાણ' અને 'આણ' શબ્દોમાં કયા પ્રસંગનો નિર્દેશ કરે છે ?

(૨) કવિ કોની, કોના વિરુદ્ધ રાવની વાત કરે છે ?

(બ) નીચેના પ્રશ્નોના બેથી ચાર વાકયોમાં જવાબ લખો. (કોઈ પણ *બે*) 4

(૧) કાજળ અને મોતીનાં દૃષ્ટાંતો દ્વારા લોકકવિ શું સૂચવે છે ?

(૨) 'એ લોકો' ને કવિ 'નોટોને ખાઈ ઊછરતી ઊધઈ' શા માટે કહે છે ?

(૩) શ્રીકૃષ્ણ વિનાના વૃંદાવનની વેદના કાવ્યમાં કયાં તત્ત્વો મારફત વ્યક્ત થઇ છે ?

7. (અ) ફકત એક જ વાક્યમાં જવાબ લખો. (કોઈ પણ ***ચાર***) *4*

(૧) ભમરો ગુંજનમાં શી વાત કહે છે ?

(૨) 'ગયાં ભાગ્ય મુજ ફૂટી' એમ કોણ કહે છે ?

(૩) 'આવ્યો છું તો' ના કવિ શેની પાંખડીઓ ઊઘડવાની વાત કરે છે ?

(૪) 'એ લોકો' કાપડના તાકાનું શું કરે છે ?

(૫) 'પલ' પર કઈ ઋતુઓની અસર નથી થતી ?

(૬) 'છેલ્લું દર્શન' કાવ્યમાં કવિ તેમની પત્ની સાથેના મિલન અને વિરહમાં કોની સાક્ષીનો ઉલ્લેખ કરે છે ?

(બ) કોઈ પણ ***બે*** નો વિસ્તૃત જવાબ લખો. *8*

(૧) 'છેલ્લું દર્શન' કાવ્યમાં કવિ મૃત પત્નીને કઈ કઈ સામગ્રી ધરવાનું કહે છે ? શા માટે ?

(૨) 'એ લોકો' માં કવિનો આક્રોશ કોની તરફ છે અને તે કઈ રીતે વ્યક્ત થયો છે ?

(૩) 'માધવ કયાંય નથી' માં નિર્દિષ્ટ કૃષ્ણલીલાનું વર્ણન તમારા શબ્દોમાં કરો.